પોક્સોના આરોપીને સેસન્સ કોર્ટે ફટકારી ૨૦ વર્ષની સજા : બે વર્ષ અગાઉ ધનસુરાના ગ્રામ્ય વિસ્તારની ૧૧ વર્ષીય સગીરાનું કર્યું હતું અપહરણ

અરવલ્લી જીલ્લાના ધનસુરા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં બે વર્ષની સગીરાના અપહરણનો કેસ મોડાસા સેશન્સ કોર્ટમાં ચાલી જતા કોર્ટે પુરાવાના આધારે આરોપીને કસુવાર ઠેરવી ૨૦ વર્ષની શશ્ન સજા ફટકારી હતી સગીરાનું અપહરણ કરનાર ખોખરના મુવાડાના કાળા સબુરભાઈ ખાંટને ૨૦ વર્ષની સજા ફટકારતા કોર્ટમાં સન્નાટો છવાઈ ગયો હતો ભોગ બનનાર સગીરાના પરિવારોને ન્યાય મળતા કોર્ટના ચુકાદાને આવકાર્યો હતો.બે વર્ષ અગાઉ ધનસુરા તાલુકાના ખોખરના મુવાડા ગામે રહેતા કાળા સબૂરભાઈ ખાંટ નામના હવસખોરે બે વર્ષ અગાઉ ૧૧ વર્ષ અને ૬ મહિનાની સગીરાનું અપહરણ કરતા સગીરાના પિતાએ ધનસુરા પોલીસ સ્ટેશનમાં ગુન્હો નોંધાવતા પોલીસે આરોપી સામે પોક્સો એક્ટ હેઠળ ગુન્હો નોંધી પીઆઈ એફ.એલ.રાઠોડ અને તેમની ટીમે આરોપીને ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો. આ અંગેનો કેસ સેશન્સ કોર્ટમાં ચાલી જતા સરકાર તરફથી દિનેશભાઈ પટેલે વિવિધ પુરાવા રજુ કરવાની સાથે ધારદાર રજુઆત કરી આરોપીને દાખલા રૂપ સજા કરાવવા મૌખિક દલીલ કરતા સેશન્સ જજ એચ.એન.વકીલે આરોપી કાળા સબુરભાઈ ખાંટ કસુવાર ઠેરવી ૨૦ વર્ષની સજા ફટકારવામાં આવતા પરિવારજનોએ સરકારી વકીલ દિનેશ પટેલ અને ન્યાય તંત્રનો આભાર વ્યક્ત કર્યો હતો.

પાલનપુર સર્કિટ હાઉસમાં દાંતાની હાઈસ્કુલનો આચાર્ય - જિલ્લા શિક્ષણ અધિકારી કચેરીનો સેવક રૂપિયા ૧૬ લાખની લાંચ લેતા ઝડપાયા

પાલનપુર સર્કિટ હાઉસમાં દાંતાની હાઈસ્કૂલના આચાર્ય અને જિલ્લા શિક્ષણ અધિકારી કચેરીના ફરજ મોકૂફ સેવકને રૂપિયા ૧૬ લાખની લાંચ લેતા પાલનપુર એસીબી ની ટીમે ઝડપી લીધા હતા. હાઈ સ્કૂલમાં ફરિયાદીના પુત્રને ક્લાર્ક તરીકે નોકરી રાખવા માટે તેમણે આ રકમની માંગણી કરી હતી. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી.જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, દાંતાની સર ભવાનીસિંહ વિદ્યાલયમાં ફરિયાદીના પુત્રને ક્લાર્કની નોકરી માટે હાઈસ્કૂલના આચાર્ય શૈલેશચંદ્ર ચંદ્રવદન મહેતાએ રૂપિયા ૧૬,૦૦,૦૦૦ની લાંચની માગણી કરી હતી.જોકે, તેઓ આ રકમ આપવા માંગતા ના હોય પાલનપુર લાચરૂશ્વત વિરોધી શાખામાં ફરિયાદ નોંધાવી હતી. આ અંગે ઈન્ચાર્જ એસીબી પીઆઈ જે. પી. સોલંકીએ જણાવ્યું હતું કે, આચાર્યએ લાંચની રકમ લઈ ફરિયાદીને પાલનપુર સર્કિટ હાઉસ બોલાવ્યા હતા. જ્યાં ટીમ સાથે છટકું ગોઠવ્યું હતું. દરમિયાન સર ભવાનીસિંહ વિદ્યાલય, દાંતાના આચાર્ય શૈલેશચંદ્ર ચંદ્રવદન મહેતા બનાસકાંઠા જિલ્લા શિક્ષણ અધિકારી કચેરીના ફરજ મોકૂફ પટાવાળા નરેશકુમાર કચરાલાલ જોષી સાથે રૂપિયા ૧૬ લાખની લાંચ લેતા રંગે હાથ ઝડપાઈ ગયા હતા. જે બંનેને ધરપકડ કરી કાયદેસર ની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

બનાસકાંઠા ભાભરની આનંદ હોસ્પિટલમાં ડિગ્રી વગરના બોગસ તબીબ દ્વારા દર્દીઓની સારવાર..!

ભાભરમાં વાવ રોડ પર આનંદ હોસ્પિટલમાં ડિગ્રી વગરના બોગસ તબીબ દ્વારા દર્દીઓની સારવાર કરતો મામલો સામે આવ્યો છે. આરોગ્ય વિભાગની તપાસ દરમિયાન હોસ્પિટલમાં ઈન્જેકશન, એલોપેથીક દવાઓ- ઠ-ઈઠ્ઠઅ મશીન મળ્યા હતા આરોગ્ય વિભાગ એ ભાભર પોલીસને કાયદેસર કાર્યવાહી કરવા અને ગુનો નોંધવા લેખિત જાણ કરી છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, સોમવારે ભાભર તાલુકા આરોગ્ય કચેરીના સ્ટાફે ભાભર વાવ રોડ પર અખાણી ફાર્મ હાઉસ સામેની આનંદ હોસ્પીટલમાં બિનઅધિકૃત વ્યક્તિ દ્વારા ગેર કાયદેસર તબીબી પ્રેક્ટીસ થતી હોવાની બાતમીના આધારે આકસ્મિક દરોડો પાડયો હતો. જેમાં દવાખાનું ખુલ્લી હાલતમાં હતું. અહીં ગેરકાયદેસર પ્રેક્ટિસ થઈ રહી હોવાના પુરાવા મળ્યા હતા. તાલુકા આરોગ્ય અધિકારીએ આ અંગેની વિગત આપતા જણાવ્યું હતું કે "તપાસ દરમિયાન હાજર તબીબની ડીગ્રી અને રજીસ્ટ્રેશન બાબતે પુછતાં તબીબ કોઈ પણ ડીગ્રી કે રજીસ્ટ્રેશન રજુ કરી શક્યો નહિ. જેના અનુસંધાને આવેલ દર્દીની પુછપરછ અને હાજર દવા-ઈન્જેકસન,મશીનની તપાસ કરતા એલોપેથીક દવાઓ- X-Ray મશીન મળી આવેલા. જેના વપરાશ બાબતે પૂછપરછ કરતા તેઓ કોઈ યોગ્ય જવાબ રજુ ન કરી શકતા તેઓની બીનઅધિકૃત તબીબી પ્રેક્ટીસ કરી લોકોના આરોગ્ય સાથે ચેડા કરતા હોવાથી અમારી ટીમ દ્વારા બોગસ તબીબ આમ વિરુદ્ધ ભાભર પોલીસ સ્ટેશનમા FIR કરી આગળની કાર્યવાહી કરવા પોલીસને જાણ કરી છે."

તલાટીઓ હવે ભગવાનના શરણે : શામળાજી મંદિરમાં દર્શન કરી સરકાર હડતાલના મુદ્દાઓ સરકાર ઝડપી સ્વીકારે તે માટે કરી પ્રાર્થના

રાજ્યમાં ફરજ બજાવતા તલાટીઓએ રાજ્ય સરકાર સામે બાંયો ચઢાવી તેમની પડતર માંગણીઓને લઈને ૨ ઓગસ્ટથી અચોક્કસ મુદતની હડતાલ પર ઉતરી ગયા છે અરવલ્લી જીલ્લાના ૩૦૦ થી વધુ તલાટીઓ પણ રાજ્યવ્યાપી હડતાલમાં જોડાયા છે અને જીલ્લા અને તાલુકા કક્ષાએ ધરણા પ્રદર્શન અને આવેદનપત્ર આપી સરકાર તેમના પડતર પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ લાવે તેવી માંગ કરી રહ્યા છે મોડાસા તાલુકાના તલાટીઓએ ભગવાન શામળિયાનું શરણ લીધું હતું. રાજ્યવ્યાપી તલાટી મંડળની હડતાલને પર્મો દિવસ પૂરો થવા છતાં સરકાર તેમની પડતર માંગણીઓને લઈને ટસ ને મસ ન થતા તલાટીઓ પણ હક્કની લડાઈ લડી લેવામાં મૂડમાં હોય તેમ સતત વિવિધ રીતે વિરોધ નોંધવી રહ્યા છે ગ્રામ્ય વિસ્તારમાં સેવાઓ ઠપ્પ થતા લોકો ભારે મુશ્કેલમાં મુકાયા છે શનિવારે મોડાસા તાલુકામાં ફરજ બજાવતા તલાટીઓએ તેમની પડતર માંગણીઓને લઈને શામળાજી મંદિરમાં ભગવાન શામળિયાનું શરણ લઈ સરકાર તલાટીઓની પડતર માંગણીઓ ઝડપથી સ્વીકારે તે માટે પ્રાર્થના કરી હતી.

બાયડ નગરપાલિકા વોર્ડ.૧ માં ગંદા પાણી નિકાલના અભાવે રોગચાળાનો ભય વધ્યો

અમે ભાજપને મત મરવા માટે આપ્યા છે, સ્થાનિકોમાં આક્રોશ ચરમ સીમાએ





મોડાસા, તા.૦૬

બાયડ નગરપાલિકા વોર્ડ ૧ માં ચોઈલા રોડ ઉપર આવેલ પંચવટી સોસાયટીમાં ગંદા પાણી નિકાલના અભાવે રોગચાળાનો ભય વધ્યો છે. ભાજપને ખોબલે ખોબલા ભરીને મત આપનારા મતદારો હવે ભાજપ સામે મોરચો માંડીને બોલી રહ્યા છે કે અમે ભાજપને શું મરવા માટે મત આપ્યા હતા. ગંદા પાણીનો ઝડપથી નિકાલ નહીં થાય તો રહીશો બાયડ પાલિકામાં હલ્લા બોલ કરશે તેમ આક્રોશ સાથે જણાવ્યું છે.

ગયા વર્ષે બાયડ નગરપાલિકાની સામાન્ય ચૂંટણી યોજાઈ હતી તે સમયે ભાજપ દ્વારા બાયડના નગરજનોને સ્વચ્છ અને પારદર્શક વહીવટની સાથે ઉભરાતી ગટરો, ગંદકીના નિકાલ સહિતની સમસ્યાઓ સત્તા ઉપર આવ્યાના ૧ મહિનામાં દૂર કરવાના વચનો આપ્યા હતા પરંતુ ભાજપ સત્તામાં આવ્યાના ૧૭ મહિના પછી પણ બાયડ પાલિકામાં ઠેર ઠેર ગંદકી, ઉભરાતી ગટરો અને ખાડે ગયેલો વહીવટથી નગરજનો ત્રાસી ઉઠ્યા છે. પ્રદેશ અને જિલ્લા ભાજપ સંગઠન આ અંગે યોગ્ય સૂચનાઓ અને અમલવારી નહીં કરાવે તો આગામી વિધાનસભા ચૂંટણીમાં ભાજપથી અનેક મતદારો મોં ફેરવી લે તેવી સ્થિતિ આવી પડી છે. બાયડ નગરપાલિકા પ્રમુખ સ્નેહલભાઈ પટેલ પોતાના વોર્ડમાં પણ યોગ્ય રીતે સફાઈ અને ગંદા પાણીનો નિકાલ કરાવી શકતા ન હોવાથી અનેક રહીશોને ન છૂટકે વિપક્ષના આગેવાન અને મીડીયા પાસે જવાની ફરજ પડી છે.

> **ભાજપના કાર્યકરોને સોસાયટીમાં પ્રવેશવા નહીં દઈએ**
>
> બાયડમાં ચોઈલા રોડ ઉપરની પંચવટી સોસાયટીમાં દુર્ગંધ મારતા ગંદા પાણીના કારણે રહીશો અને નજીકના દુકાનદારો ત્રાસી ઉઠ્યા છે અને હવે ભાજપના કાર્યકરો મત માગવા માટે આવશે તો સોસાયટીમાં પ્રવેશવા પણ નહીં દઈએ તેવો આક્રોશ જાહેરમાં વ્યક્ત કરી રહ્યા છે.

બાયડ પાલિકામાં ગંદા પાણીના નિકાલ માટે રજૂઆત કરવામાં આવે તો તંત્ર ધણી ધોરીવિનાનું હોય તેવી સ્થિતિ રજુઆત કરતાને અનુભવ ઉપરથી લાગી રહ્યું છે. ભાજપની મત બેન્ક ગણાતા વોર્ડ નં.૧ માં શું સત્તાધિશો કોંગ્રેસને મજબૂત કરવાના પ્રયાસ કરી રહ્યા છે તેવા ચોટદાર સવાલો થઈ રહ્યા છે. સતત ગંદા પાણીના કારણે મચ્છરોનો ઉપદ્રવ પણ વધ્યો છે છતાં પાલિકામાં ભાજપના શાસનમાં વહીવટી કામગીરી ઠપ્પ થઈ હોય તેમ ક્યાંય પણ દવા છંટકાવ કે ફોગીંગની કાર્યવાહી પણ જોવા મળતી નથી. બાયડ પાલિકાનો વહીવટ ભગવાન ભરોસે ચાલતો હોય તેવો અનુભવ પ્રજાને થઈ રહ્યો છે.

ખોડંબામાં ભેદી તાવથી કોમામાં સરી પડેલા યુવકનું મોત થતાં હડકંપ

અમદાવાદ સિવિલમાં રીફર કરાયો છતાં આરોગ્ય વિભાગ અંધારામાં

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૦૬

ભિલોડા તાલુકાના ખોડંબા ગામે ૨૪ વર્ષિય યુવકનું ભેદી તાવ આવ્યા બાદ અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં મોત નિપજતાં હડકંપ મચ્યો છે. મૃતક યુવાનને તાવ આવ્યા પછી સારવાર માટે મોડાસાની ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયો હતો. જ્યાં હાલત વધુ નાજૂક થતાં વધુ સારવાર અર્થે અમદાવાદની સિવિલમાં ખસેડવામાં આવ્યા જ્યાં કોમામાં સરી પડ્યા બાદ મોત નિપજ્યું હોવા છતાં આરોગ્ય તંત્ર ભેદી તાવ અંગે અંધારામાં હોવાની વિગતો સામે આવી છે.

અરવલ્લી જિલ્લામાં વાયરલ બિમારીયોનું વાવાઝોડું ફૂંકાયું છે. ખાનગી હોસ્પિટલો અને દવાખાના દર્દીઓથી ઉભરાતાં હોય તેવી સ્થિતિ છે. એક તરફ વાયરલ બિમારીઓ તેમજ કોરોના સંક્રમણે પણ આરોગ્ય તંત્રને ઉંધા માથે પટક્યું છે ત્યાં ભિલોડા તાલુકાના ખોબા ગામના સંકેત ખોખરીયા નામના યુવકનું ભેદી તાવના કારણે મોત થયાની વિગતો બહાર આવતાં આરોગ્ય ક્ષેત્રે ખળભળાટ મચ્યો છે. મોડાસામાં કાર ડીલરને ત્યાં ફરજ બજાવતા યુવકને તાવ આવ્યા પછી પ્રથમ મોડાસાની એક ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો

હતો પરંતુ હાલત વધુ નાજૂક થતાં અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં પરિવારજનો દ્વારા દાખલ કરવામાં આવ્યો હતો પરંતુ સારવાર છતાં ભેદી તાવમાં પટકાયેલા યુવકની હાલતમાં કોઈ સુધારો આવ્યો ન હતો જેથી તાબડતોબ અમદાવાદ સિવિલમાં યુવકને ખસેડાયાના ગણતરીના કલાકોમાં જ મોત નિપજતાં ભેદી તાવે યુવકને ભરખી લીધાની હકીકતો જાહેર થતાં સમગ્ર પંથકમાં સનસનાટી મચી છે. એક તબક્કે તો મૃતક યુવાન કોઈ ભેદી વાયરસના સકંજામાં આવી ગયાની વાતો પણ બહાર આવી છે પરંતુ જિલ્લાનું આરોગ્ય તંત્ર આ હકીકતથી અજાણ હોવાનું બહાર આવ્યું છે. યુવકનું મોત ભેદી તાવના કારણે થયા પછી સદર યુવકમાં કેવા પ્રકારના વાયરસનું સંક્રમણ હતું તેની કોઈ સચોટ વિગતો આરોગ્ય વિભાગ પાસે ન હોવાથી આશ્ચર્ય ઉભું થયું છે. મૃતક યુવકને ગામમાં લાવવામાં આવતાં પરિવારજનોએ હૈયાફાટ રૂદણ કરી મૂક્યું હતું. જ્યારે ભેદી તાવમાં પટકાયેલા યુવકનું ગણતરીના કલાકોમાં મોત નિપજવાના બનાવે તરેહ તરેહની ચર્ચાઓએ જોર પકડયું છે.

હું તપાસ કરાવું છું

ભિલોડા તાલુકાના ખોડંબામાં ભેદી તાવમાં પટકાયેલા યુવકનું ગણતરીના કલાકોમાં મોત નિપજવાના બનાવે હડકંપ મચાવ્યો છે. અરવલ્લી જિલ્લા આરોગ્ય અધિકારી આર.જી.શ્રીમાળીએ જણાવ્યું હતું કે મને હમણાં જ આ હકીકત જાણવા મળી છે જેથી હું તપાસ કરાવું છું. મૃતક યુવકને તાવની અસર હેઠળ મોડાસાની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા પછી હાલત વધુ કથળતાં અમદાવાદની સિવિલમાં ખસેડવામાં આવ્યા જ્યાં તેનું મોત નિપજ્યા પછી પણ જિલ્લા આરોગ્ય તંત્ર પાસે તાવના કયા વાયરસના કારણે યુવકનું મોત નિપજ્યું છે તેની કોઈ ઠોસ હકીકતો ન હોવાનું બહાર આવતાં આરોગ્ય વિભાગમાં ચાલતી લાલીયાવાડીનો પર્દાફાશ થયો છે.

તાવ આવ્યાના ૨૪ કલાકમાં યુવકનું મોત..

ભિલોડા તાલુકાના ખોડંબા ગામે ભેદી તાવમાં પટકાયેલા યુવકના મોતથી સનસનાટી મચી છે. તાવગ્રસ્ત યુવકનું ૨૪ કલાકમાં મોત નિપજ્યું હોવાથી જીવલેણ મોત માટે તાવનો કેવા પ્રકારનો વાયરસ જવાબદાર છે તેને લઈને ચર્ચાઓ શરુ થઈ છે.

બનાસકાંઠા જિલ્લામાં સ્વાઈન ફ્લૂથી અમીરગઢ ચેખલાની પ્રસૂતાનું મોતથી હેલ્થ ડિપાર્ટમેન્ટમાં ખળભળાટ

વડગામ મેતાની ૬૫ વર્ષીય વૃદ્ધા સ્વાઇન ફ્લૂ પોઝિટિવ

પાલનપુર તા. ૬

સ્વાઈનફ્લૂથી અમીરગઢના ચેખલાની ૭ માસનો ગર્ભ ધરાવતી પ્રસૂતાનું મોત નિપજ્યું છે. સામાન્ય શરદી ખાંસી હોવાનું નિદાન થયા બાદ ખાનગી હોસ્પિટલમાંથી પાલનપુર સિવિલમાં લવાયા બાદ રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. અને શુક્રવાર સવારે મોત નિપજતા પરિવારને લાશ પેક કરીને સોંપી દેવાઈ હતી. જે બાદ તાત્કાલિક સિવિલ સત્તાધીશોએ શંકાસ્પદ કેસો માટે હવે સ્વાઇનફ્લૂ વોર્ડ ઊભો કર્યો છે. અન્ય એક વડગામના મેતાની ૬૫ વર્ષીય વૃદ્ધાનો સ્વાઇન્ફ્લૂ રિપોર્ટ પણ પોઝિટિવ આવતા હડકંપ મચ્યો છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી.જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, અમીરગઢ તાલુકાના ચેખલા ગામની પરણિતા નિમનબા જયરાજસિંહ ચૌહાણ ઉ.૨૦ ૮

જુલાઈથી ૭ મહિનાનો ગર્ભ હોવાથી વડગામના ધોરી ગામે પીયરમાં હતી. જ્યાં ૨૨ જુલાઈએ શર્દી અને ખાંસીના લક્ષણો જણાતા મુમનવાસના ખાનગી દવાખાને સારવાર લીધી પણ તબીયતમા સુધારો ન જણાતા પાલનપુરની મેડીપોલીસ ખાનગી હોસ્પીટલમાં સારવાર લીધી પરંતુ સારું ન થતાં ૨૬ જુલાઈએ પાલનપુર સીવીલ હોસ્પીટલમાં દાખલ થઈ અને બીજા દિવસે સ્વાઈન ફ્લુનુ સેમ્પલ સોલા સીવીલમાં લેબમાં મોકલ્યું હતું જ્યાં રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. અને સપ્તાહ બાદ મોત નિપજ્યું હતું. મૃતક મહિલાએ વેક્સીનેશનના બે ડોજ લીધા હોવાનું આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું. બનાસ હોસ્પિટલના ચેરમેન પી.જે. ચૌધરીએ જણાવ્યું હતું કે' પાલનપુરમાં સ્વાઈન ફ્લૂ અને શંકાસ્પદ દર્દી વધવાની શક્યતા છે જેને લઈ ઓપીડી શરૂ કરવામાં આવી છે ઉપરાંત સ્વાઈન ફ્લૂ વોર્ડ પણ બનાવવામાં આવ્યો છે હાલ એક દર્દી વડગામના મે ૬૫ વર્ષીય સ્વાઇનફ્લૂ પોઝિટિવ મહિલા દાખલ છે. અન્ય છ શંકાસ્પદ દર્દીઓના રિપોર્ટ આવવાના બાકી છે. અમારી મેડિકલ ટીમ હાલમાં રોગચાળાની આ સ્થિતિમાં પ્રત્યેક દર્દી પર દેખરેખ રાખી રહી છે. "

ડીસાના ધનાવાડા ગામે બે બહેનની નજર સામે સગીરાનું અપહરણ

બનાસકાંઠા જિલ્લામાં છોકરીઓ ભગાડી જવાના બનાવો ચિંતાજનક હદે વધી ગયા છે ત્યારે ડીસા તાલુકાના ધનાવાડા ગામે રહેતા અને મજૂરી કરી પરિવારનું ગુજરાન ચલાવતા એક પરિવારની સગીર દીકરી ગત તારીખ ૨/૮ /૨૨ ને પાંચમના રોજ તેની બે બહેનો સાથે નાગફણાં ખાતે આવેલા ગોગ મહારાજના મંદિરે દર્શન કરી પોતાના ગામ ધનાવાડા તરફ પરત ફરતી હતી તે દરમિયાન ધનાવાડા ગામની ડેરી નજીક ગામમા જ રહેતો સુરેશભાઈ રમેશભાઈ સોલંકી નામનો યુવક ઈકો કાર લઈ ત્યાં આવેલો અને ત્રણ બહેનોમાંથી એક સગીરાનો હાથ પકડી ઈકો ગાડીમાં બેસાડવા જતા સગીરાએ ના પાડતા તે કહેવા લાગેલ કે તું મારી વહુ છે તેમ કહી ઈકો ગાડીમાં ભગાડી જતા તેની બન્ને બહેનો ગભરાઈ ગયેલી અને ઘરે દોડી આવી સમગ્ર હકીકત તેની માતાને કરતા આ મામલે સગીરાની માતાએ ડીસા તાલુકા પોલીસ મથકે સુરેશભાઈ રમેશભાઈ સોલંકી વિરુધ પોતાની સગીર દીકરીનું બળજબરી પૂર્વક ભગાડી અપરહણ કરવા મામલે ફરિયાદ નોંધાવતા પોલીસે આ મામલે તેની વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

'ઇડી" એ વિપક્ષ માટે સળગતી 'બીડી' પણ દેશ માટે વિકાસની 'સીડી'...

થર્ડ અમ્પાયરની દ્રષ્ટિએ....?

બાયડ તા.૬

આજકાલ દેશભરમાં "ઇડી" ની જ ચર્ચાઓ ચાલી રહી છે... જનતાને આ પહેલા ઇડી તો હતી જ પણ તેનો કોઈ આઈડિયા નહોતો!! ભારતમાં કાનૂન અને લોકતંત્રની સત્તાઓ માટે ઘણી બધી એજન્સીઓ કાર્યરત છે પરંતુ તેમને આજ પહેલા સ્વતંત્ર રીતે અને નિષ્પક્ષ રીતે ચાલવા જ નથી દેવામાં આવી... આવી તમામ એજન્સીઓવાળા જોડેથી સરકારે ખાસ કંઈ કામ જ નથી લીધું.... અને સરકાર એમનો ઉપયોગ ના કરે એટલુંજ સરકાર માટે સારું હતું. બહૂજ દુઃખ સાથે મને નિંદા કરવાનું મન થાય છે કે ભ્રષ્ટાચાર, શિક્ષણ, સંશોધન, ડેવલપમેન્ટ માટે સરકારની ઘણી બધી એજન્સીઓ પહેલેથી જ છે પરંતુ તેમને કાયમ સુષુપ્ત જ રાખવામાં આવી છે....

જેવી રીતે કોઈ સેવાકીય મંડળીના વહીવટ માટે ચેરમેન/સેક્રેટરી સહિત આઠ દસ સભ્યોની એક બોડી નીમવામાં આવતી હોય છે પરંતુ મંડળીના વહીવટમાં સભ્યોને લગભગ નિષ્ક્રિય જ રાખવામાં આવતા હોય છે અને બધોજ સીધો- ઊંધો વહીવટ ચેરમેન/સેક્રેટરી પોતાને મનફાવે તેવી રીતે ચલાવતા હોય છે. બસ આ રીતે જ ભારત દેશને અગાઉની સરકાર ચલાવી રહી હતી... અત્યારે મોદી સરકાર આવ્યા પછી જે તે એજન્સીઓને પોત પોતાના કામનો હિસાબ માગવામાં આવતા એજન્સીઓના અધિકારીઓ પણ સફાળે જાગ્યા છે અને દોડવા લાગ્યા છે... જે તે સરકાર નહોતી ઇચ્છતી કે પોતે જે રીતે દેશ ચલાવી રહ્યા છે તેમની માહિતી એજન્સીઓના સ્માર્ટ અધિકારીઓ સુધી પહોંચે!!

સરકારમાં ચૂંટાયેલા ધારાસભ્યો કે સાંસદો આ પહેલાની સરકારોમાં મોટે ભાગે ઓછું ભણેલા કે અભણ જ વધુ પડતા જોવા મળતા હતા જેમની ભૂલો એજન્સીઓના સ્માર્ટ અધિકારીઓ તૈયારીમાં પકડી પાડે તેવા સક્ષમ હતા... એટલે આ પહેલા ઈરાદાપૂર્વક એજન્સીઓને ચૂપ રાખવામાં આવી હોય તેવું મને મારા મનન ચિંતન પછી સ્પષ્ટ લાગી રહ્યું છે. શુ લાખો રૂપિયાનો સરકારી પગાર ખાતા આવા અધિકારીઓને મોદીજીએ કામ ઉપર લગાડીને પરિણામ આપવા જણાવીને કોઈ ભૂલો કરી છે??? ભ્રષ્ટાચારના નાણાં ઉપર તરાપ મારવા માટે "ઇડી" નામની એજન્સી સ્વતંત્રપણે કામ કરી રહી છે તેમને આદેશ કરીને દેશમાં આવા કાળા નાણાં પકડવા માટે સક્રિય કરવામાં આવી છે... અને તેનો રેલો કોંગ્રેસ, શિવસેના, તૃણમૂલ કે અન્ય પક્ષના મંત્રીઓના ઘર સુધી પહોંચી રહ્યો છે....

ઇડી નામની સળગતી બીડી એ કોંગ્રેસની ઉંઘ હરામ કરી દીધી છે. ઇડી બ્રાન્ડની આ બીડી કોંગ્રેસ ચૂસી પણ નથી શકતી અને ઓલવી પણ નથી શકતી, બંને બાજુ હાથ તો કોંગ્રેસના જ દાજવાના છે એ કોંગ્રેસ સારી રીતે જાણે છે... કોંગ્રેસ સહિતના વિપક્ષ ભેગા મળી ભાજપ સરકાર ઉપર આક્ષેપ કરે છે કે ઇરાદાપૂર્વક "ઇડી" એકશન લઈ રહી છે. પરંતુ કોંગ્રેસ એ વાત ભૂલી ગઈ છે કે ઇડી ની રચનાજ ભ્રષ્ટાચાર રોકવાના ઈરાદાથી કરવામાં આવી છે!! સાચા અને ચોખ્ખા હોઈએ તો ડરવાની બિલકુલ જરૂર નથી... સાચા હોઈસુ તો ઇડી ની આ બીડી આપમેળે ઓલવાઈ જશે, જુઠા હોઈસુ તો હાથ જ નહીં હોઠ પણ દાઝી જશે તે ચોક્કસ છે!!

કોંગ્રેસ એક વાત ઉપર સાચી છે કે ઇરાદાપૂર્વક ઇડી આગળ વધી રહી છે... હું ચોખવટ કરું કે મોદી સરકાર પહેલા આ ઇડી જેવી એજન્સીઓની રચના ઈરાદાપૂર્વક જ થઈ છે અને તેમને પગલાં ભરતા પણ ઇરાદાપૂર્વક જ રોકી રાખવામાં આવતી હતી અને આજે વર્તમાનમાં પણ ઇરાદાપૂર્વક જ ઇડી કામ કરી રહી છે અને તે ઈરાદો ભ્રષ્ટાચાર રોકવાનો છે અને કાળા નાણાં પકડવાનો છે!! જેઓ ભ્રષ્ટ છે તેમને આ "ઇડી" એક "બીડી" બની દઝાડસે જ્યારે દેશના વિકાસ માટે આની આજ "ઇડી" એક "સીડી" સાબિત થશે... તેવુ કરોડો અબજો રૂપિયા ઇડી એ ઝડપી પાડ્યા છે તેના ઉપરથી લાગી રહ્યું છે...

જિલ્લામાં રક્ષાબંધન પર્વને મોંઘવારીનું ગ્રહણ

રાખડીના ભાવમાં ૩૦ થી ૩૫ ટકાનો વધારો : વધતી જતી મોંઘવારીની તહેવારો ઉપર તરાપ

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૦૬

વધતી જતી મોંઘવારીએ હવે તહેવારો ઉપર તરાપ મારી છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં રક્ષાબંધન પર્વને પણ મોંઘવારીનું ગ્રહણ લાગી ચૂકયું છે. આ વખતે રાખડીના ભાવમાં ૩૦ થી ૩૫ ટકાનો વધારો ઝીંકાયો છે. રક્ષાબંધન પર્વ નજીક આવતાં રાખડી બજાર અવનવી રાખડીઓથી સજ્જ બન્યું છે પરંતુ ગત વર્ષ કરતાં આ વર્ષે અસહ્ય ભાવ વધારો જોવા મળી રહ્યો છે. જો કે રક્ષાબંધન પર્વની ઉજવણીમાં ભલે મોંઘવારી હાવિ થઈ હોય પરંતુ બહેનોમાં તેની કોઈ અસર ન હોવાની સાથે પર્વનો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

ભાઈ અને બહેનના અતૂટ પ્રેમનો તહેવાર એટલે રક્ષાબંધન. રક્ષાબંધનનો તહેવાર નજીક આવતાં જિલ્લામાં તેનો ઉત્સાહ સ્પષ્ટ જોવા મળી રહ્યો છે. બજારોમાં રાખડીઓનો જાણે કે મેળો લાગ્યો હોય તેવા દ્રશ્યો જોવા મળી રહ્યા છે. ચંદન, રુદ્રાક્ષ અને ડાયમંડની રાખડીઓએ આકર્ષણ જગાવ્યું છે પરંતુ ગત વર્ષની સરખામણીએ આ વખતે રાખડીના ભાવમાં ૩૦ થી ૩૫ ટકાનો ભાવ વધારો થયો છે. કોરોનાના ૨ વર્ષ પછી સંપૂર્ણ છૂટછાટે રક્ષાબંધનનું પર્વ ઉજવાનાર હોવાથી બહેનો ભાવ વધારાને નજર અંદાજ કરી રાખડીઓની ખરીદી કરવા લાગી છે. હાલ રાખડી બજારમાં ખરીદી ધીમી છે પરંતુ આગામી ૧-૨ દિવસમાં રાખડી બજાર બહેનોથી ઉભરાઈ જશે તેવું લાગી રહ્યું છે. જિલ્લામાં છેલ્લા કેટલાય સમયથી તહેવારોની ઉજવણીમાં મોંઘવારી વિલનરુપ બની રહી છે પરંતુ ભાઈ અને બહેનના અનન્ય પ્રેમના પ્રતિક એવા રક્ષાબંધનના પર્વમાં ભલે રાખડીના ભાવમાં ભાવ વધારો ઝીંકાયો હોય પરંતુ આ વખતે તમામ વિસ્તારોમાં સૌ કોઈ મોંઘવારીને ભૂલી હર્ષોલ્લાસથી પવિત્ર રક્ષાબંધનનું પર્વ ઉજવવા માટે સજ્જ બન્યા છે. જિલ્લામાં અગાઉથી જ વેપારીઓ દ્વારા અવનવી રાખડીઓના ઢગ ખડકી દેવાયા છે જેના કારણે અવનવી રાખડીઓ આકર્ષણનું રુપ બની છે. પરંતુ હાલની સ્થિતિએ રાખડી બજારમાં ખરીદીનો માહોલ ધીમો છતાં ટૂંક સમયમાં જ રાખડી બજારમાં તેજીનો ધમધમાટ જોવા મળશે તેવો આશાવાદ વેપારીઓએ રાખ્યો છે.